# જન્મદિને વધામણી



ત્વિષા એન શ્રીમાળી
મો. ૯૧૭૩૫ ૬૨૬૧૫



ધૈર્ય નિકેશ બ્રહ્મભટ્ટ
મો. ૮૧૬૦૭ ૯૪૫૭૪

# ભારતીય ભૂ-વૈજ્ઞાનિક સર્વેક્ષણના સ્થાપના દિવસની ઉજવણીનો પ્રારંભ



## ખનિજો તથા ખડકોના દુર્લભ નમૂના ઉપરાંત ડાયનાસૌરના ઈંડા વગેરે સહિતનું પ્રદર્શન ખુલ્લુ મુકાયું

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૧૦-એ ખાતે છ-૪ સર્કલ પાસે સ્થિત ભારતીય ભૂ-વૈજ્ઞાનિક સર્વેક્ષણ કાર્યાલય ખાતે તેના 'સ્થાપના દિવસ' નિમિત્તે સાપ્તાહિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમોમાં ભૂ-વૈજ્ઞાનિક સર્વેક્ષણ દ્વારા ભારતભરમાંથી પ્રાપ્ત ખનીજો, ડાયનાસૌરના ઈંડા, વિવિધ ખડકો તથા અન્ય દુર્લભ ભૂ-સ્તરીય નમૂનાઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આ સપ્તાહની ઉજવણીના પ્રારંભરૂપે યોજાયેલ શુભેચ્છા સમારંભમાં જીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ એન.વી. નિત્નાવરે, ડાયરેક્ટર ટીસી જી.એસ. અગ્રવાસ, આરએમએચ-૧ જયપુરના ડાયરેક્ટર એસ.ડી. પાટભાજે તથા નિવૃત્ત ડાયરેક્ટર ડૉ. સી. શ્રીકરણની ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય ભૂ-વૈજ્ઞાનિક સર્વેક્ષણ દેશનું બીજા નંબરનું સૌથી પ્રાચીન સર્વે વિભાગ છે. જેની સ્થાપના તા. ૨૯-૨-૧૮૫૧ના રોજ ઔપચારીકપણે કરવામાં આવી હતી. ભારતીય ભૂ-વૈજ્ઞાનિક સર્વેક્ષણ તેના કાર્યને વેગ આપવાની સાથે સાથે ભૂ વિજ્ઞાનને વ્યાખ્યા આપતા સમગ્ર પ્રકારના ખનીજોનું સ્થાનિક ક્ષેત્રે મુલ્યાંકન અને સંશોધન તથા વિભિન્ન પ્રકારના ક્ષેત્રો જેવા કે ઈજનેરી પરી યોજના, ભૂ-રસાયણિક ડેટા બેઝ નકશાઓ, ભૂ-તકનીકી, ભૂ-પર્યાવરણિય અધ્યયન, ગ્લીશીયોલોજી, ધરતીકંપ સંશોધન અને માહિતી તથા સમુદ્રી ખનીજોના સંશોધનમાં પણ પોતાનું યોગદાન આપેલ છે. ગુજરાત રાજ્યમાં ભારતીય ભૂ-વૈજ્ઞાનિક સર્વેક્ષણની સ્થાપના વર્ષ ૧૯૬૩માં કરવામાં આવી ત્યારથી નિરંતર પણે આ કચેરી ભારતીય ભૂ-વૈજ્ઞાનિક સર્વેક્ષણના ચાર્ટરમાં દર્શાવેલ માનક પ્રમાણે કાર્ય કરતી રહી છે. આ સાપ્તાહિક ઉત્સવ દરમ્યાન તા. ૪-૩-૨૦૧૭થી આરંભાયું છે, જે તા. ૮-૩-૨૦૧૭ સુધી આ કાર્યાલય સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ અને આમ જનતા માટે ૧૦થી ૫ દરમ્યાન ખુલ્લુ રાખવામાં આવશે. જે દરમ્યાન ભારતીય ભૂ-વૈજ્ઞાનિક સર્વેક્ષણ દ્વારા કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓને ઓડીયો વિસ્યુઅલ માધ્યમ દ્વારા નકશાઓ, ખડકો અને ખનીજોની માહિતી પુરી પાડવામાં આવશે.



ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં ધો. ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા બાળકોના વાલીઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં બોર્ડની પરીક્ષાના ટેન્શનમાં રહેતા બાળક સાથે માતા-પિતાએ કેવી રીતે વર્તન કરવુ તેમજ શુ શુ તકેદારી રાખવી, સહિતની સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે શેઠ સી.એમ. હાઈસ્કૂલના પ્રિન્સિપાલ બી.કે. પટેલ, સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ, ડૉ. ચેતના બુચ, આશા પટેલ સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.




ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તથા યુવા હોસ્ટેલના સંયુકત ઉપક્રમે રાઈટ ટુ એજયુકેશન વિશે એક કાનૂની શિક્ષણ શિબિર સે-૨૫ ખાતે યોજાઈ હતી. આ શિબિરમાં મુખ્ય મહેમાન શહેર ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ એન. મહેતા, સહકારી દૂધ મંડળીના ડીરેકટર પૂર્વ કોર્પોરેટર, સંચાલક ગણપતભાઈ એ., તથા આચાર્ય અરવિંદભાઈ બી. ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં પેરા લીગલ વોલન્ટર્સ વિમળાબેન અયાચી, સુધીરભાઈ દેસાઈ, સીતારામભાઈ પટેલ વગેરે વકતાઓએ શિક્ષણનો અધિકાર, કાનૂની સેવા સત્તા મંડળની પ્રવૃત્તિ વગેરે વિશે વિદ્યાર્થીઓને યોગ્ય કાયદાકીય માર્ગદર્શન પુરું પાડયું હતું.

## ડાયરેક્ટ ❤ સે

સૌથી મોટી સંપત્તિ - બુદ્ધિ
સૌથી સારું હથિયાર - ધૈર્ય
સૌથી સારી સુરક્ષા - વિશ્વાસ
સૌથી મોટી દવા - હાસ્ય
અને મજાની વાત એ કે આ બધું જ મફત છે.
તો કેળવો ને મેળવો.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

## શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની આંતરકૉલેજ કક્ષાએ કાવ્યપાઠ-ગાયન સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા. ૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની હિરલ રામીએ આંતરકૉલેજ કક્ષાએ કૉલેજનું નામ રોશન કર્યું છે.

શેઠ આર એ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, ખાનપુર, અમદાવાદ ખાતે આયોજિત આંતરકૉલેજ કાવ્યપઠન-ગાયન સ્પર્ધામાં ગુજરાતી, હિન્દી કવિતામાં સવૈયા, છંદ, ચોપાઈ અને છપ્પાનું રાગાનુસાર પઠન કરી તેમણે આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

કેળવણી મંડળના સર્વ હોદ્દેદારો, આચાર્ય તથા સ્ટાફ પરિવારે હિરલ રામીની આ સિદ્ધિ બદલ ગર્વની લાગણી વ્યક્ત કરી તેને અભિનંદન પાઠવ્યા હતા.

# રાજ્ય સાયન્સ ફૅરમાં આર સી સ્કૂલ ઝળકી




ગાંધીનગર, તા. ૬

રામન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી ફાઉન્ડેશન દ્વારા આયોજિત રાજ્યકક્ષાનો ત્રીજો સાયન્સ ટૅકનોલૉજી ફૅર જામજોધપુર જિલ્લાના સિદસર મુકામે યોજાયો હતો. આ ફૅરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. સાયન્સ મૉડેલ પ્રેઝન્ટેશન વિભાગમાં ૬૭ કૃતિઓ પૈકી શાળાની કૃતિને પ્રથમ સ્થાનનું ઈનામ અને સાયન્સ મૉડેલ મેકિંગ સ્પર્ધામાં ૪૩ કૃતિઓ પૈકી શાળાની કૃતિને તૃતિય સ્થાનનું ઈનામ મળ્યું છે. આ બંને કૃતિઓ રજૂ કરનાર સાયન્સના વિદ્યાર્થી અનુક્રમે ચેતન જી હડિયા અને જયવીર ખોડુભાઈ ધાખડાને ટ્રૉફી અને પ્રમાણપત્ર પ્રાપ્ત થયાં હતાં. માર્ગદર્શક પ્રકાશભાઈ પટેલને દેશના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં 'બેસ્ટ પરફૉર્મન્સ' ઍવૉર્ડ પ્રાપ્ત થયો હતો. શાળાનું નામ રોશન કરનાર આ વિદ્યાર્થીઓ, શિક્ષક પ્રત્યે શાળા પરિવાર દ્વારા અભિનંદનની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

# સી ઍમ હાઈસ્કૂલની વિદ્યાર્થીઓના વાલીઓ સાથે સહચિંતન બેઠક

## શિક્ષકોએ સકારાત્મક સૂચનો કરી માર્ગદર્શન આપ્યું

ગાંધીનગર, તા. ૫

શેઠ સી ઍમ હાઈસ્કૂલ દ્વારા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે આગામી બૉર્ડની પરીક્ષા માટે સહચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આચાર્ય બી કે પટેલે આ પ્રસંગે ચાવીરૂપ ઉદ્‌બોધન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને પરીક્ષા માટે શુભેચ્છાઓ પાઠવી હતી તથા સકારાત્મક સૂચનો કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સુપરવાઈઝર મુકેશભાઈ પટેલે વાલીઓને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે ચેતના બુચ અને આશાબોન પટેલે પણ પરીક્ષાલક્ષી ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓ તથા વાલીઓને આપી હતી તથા વાલીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તારો પાઠવ્યા હતા. આ પ્રસંગે વાલીઓ તરફથી આવેલા સૂચનો પણ શાળા દ્વારા સાંભળીને ઉપયોગી સૂચનો અમલમાં લેવાની ખાતરી આપવામાં આવી હતી.

# સોશિયલ મીડિયા : અભિવ્યક્તિની મોજ ખરી પણ 'જરા સંભલકે...''

શહેરની એક જાણીતી કોલેજની કેન્ટીનમાં કોફીના ઘુંટડા ગળા નીચે ઉતારતા પ્રેયાંશીએ રોમીલને સ્માઈલ સાથે કહ્યું 'હાય બડી, તારો પ્રોફાઈલ પીક જોરદાર છે.'

રોમીલે સ્માઈલ સાથે કહ્યું 'ઓહ યા, તું પણ ગયા અઠવાડીયે તારા મોમ ડેડ સાથે જેસલમેર ગઈ હતી તેના સીરીઝ ઓફ પીક્સ જોરદાર હતા.'

પ્રિંયાશીએ પ્રશ્ન પુછ્યો કે, 'તને ખબર છે હમણાં થોડા સમય પહેલા રોહનના ડેડીનું કોમ્પ્યુટર હેક થઈ ગયું. સાઈબર ક્રાઈમ સેકશન ઈન્વેસ્ટીગેશન કરી રહી છે. આજે મહિનો થશે હજુ કોઈ ઠેકાણું પડ્યું નથી. રોમિલે કહ્યું 'યા, આઈ નો. છેલ્લા એક વર્ષમાં આવું આપણાં ગ્રુપમાં પાંચ-છ મિત્રો સાથે બન્યું. હેકીંગ હેઝ બીકમ નાઉ રીયલી બીગ હેડેક.' આજનો યુગ ઝડપનો યુગ છે. કોમ્પ્યુટર અને ઈન્ટરનેટે દુનિયા આખીના સીમાડા સાંકડા કરીને માનવીની આંગળીના ટેરવે વિશ્વ આખુ લાવી દીધું છે. આવશ્યક ચીજવસ્તુઓથી માંડીને તમામ વ્યવહારો હવે મોબાઈલ એપ અને ઈન્ટરનેટના માધ્યમથી થવા લાગ્યા છે. વિકસીત રાષ્ટ્રોમાં કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના ઉપયોગને ઘણા વર્ષો થઈ ગયા. સ્વાભાવિક રીતે જ જ્યાં અનુભવ વધારે ત્યાં તેની સરળતા અને ફાયદા પણ વધારે, ઝડપ વધારે, કાર્યનુ પરિણામ સત્વરે મળે. પણ જ્યાં જન્મ ત્યાં મૃતુય, જ્યાં સવાર ત્યાં કાળી ડીબાંગ રાત્રી પણ હોય જ. ઝડપની સવલતની સાથે સાથે તેના ગેરફાયદા પણ વધારે ઝડપથી ફુલે ફાલે.

સોશિયલ મિડીયાના આવિષ્કારથી માનવીય સંવેદનાની અભિવ્યક્તિની અભિલાષાને અદ્‌ભૂત માર્ગ મળ્યો છે. એફબી અને વોટ્સએપ સૌથી મોટા સામાજિક સંબંધો માટેના ક્ષેત્રો બની ગયા છે. આજ કાલ જેને પણ જોઈએ ઈન્ટરનેટના માધ્યમથી કંઈને કંઈ શેર કરવા માટે ઉતાવળો જોવા મળે છે. ફેસબુક હોય કે ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ હોય કે સ્પેનચેટ કે પછી વોટ્સએપ હોય, લોકો ફોટા અને પોતાના અનુભવોના ધોધને વહાવી રહ્યા છે. એકમેકના અભિવ્યક્તિના આ આધુનિક માધ્યમો માનવીય સંબંધોની સંવેદના વ્યક્ત કરવા માટેના સરસ મઝાના માધ્યમો છે. પરંતુ આ માધ્યમનો ઉપયોગ થાય એની સાથે સાથે એના કેટલાક ભયસ્થાનો સમજી લેવા પણ જરૂરી છે. એનાથી થતાં નુકસાન અંગે જાણકારી રાખવી આશીર્વાદ સમાન બની રહે છે. સાવચેત રહેવુ એ સલામતીની પ્રાથમિકતા છે. સવલતોના આનંદની સાથે તેની મર્યાદાને સમજવી જોઈએ.

ફેસબુક યુઝર્સ આજકાલ તેમની પોસ્ટમાં લોકેશન ટેગીંગ કરે છે. લોકેશન ટેગીંગની ફેશનના કારણે દેખાદેખીથી ફેસબુકમાં લોકેશન બતાવવામાં મિત્રો સ્ટેટસ સિંબોલ સમજે છે. થોડા સમય પહેલાં એક સમાચાર હતા કે, બાળકને શાળાએથી ઉઠાવી ખંડણી માંગવાના કિસ્સાના મુળમાં ફેસબુક ઉપર બાળકની માતાએ લોકેશન ટેગીંગ કરીને સ્ટેટસ અપડેટ કર્યું હતું અને એમાં લખ્યું હતું કે, તે લાડલાને સ્કૂલે મૂકવા જઈ રહી છે. આ પ્રકારની લોકેશન ટેગીંગની જાણકારી ક્યારેક દુષ્પરિણામ લાવી શકે છે. વિદેશમાં જઈએ છીએ ફલાણી તારીખ સુધી નહીં મળી શકીએ, હિમાલય ટ્રેકીંગમાં જઈ રહ્યો છું વગેરે વગેરે લોકેશન ટેગીંગ અને ઈન્ફર્મેશન ઘાતક બની જાય છે. બને ત્યાં સુધી લોકેશન ટેગીંગ ટાળવુ હિતાવહ છે.






ઘણા કિસ્સા એવા હોય છે કે, એફબી ઉપર પોતાના સિનિયર, વરિષ્ઠ આધિકારી કે અગ્રણી સાથેની તસવીરો કે પછી એમની સાથે થયેલી વાતચીતને શેર કરવામાં આવતી હોય છે. શક્ય છે જેના સંદર્ભમાં હોય તે સિનીયર સાહેબો આ પોસ્ટ વાંચે પણ ખરા. એમને આ સંદર્ભ ગમે અથવા ના પણ ગમે. આવા બિનજરૂરી ઈફ એન્ડ બટની અસમંજસભરી પરિસ્થિતિ ઉભી જ શા માટે કરવી ? એટલે બને ત્યાં સુધી આ પ્રકારના ઉલ્લેખો પણ ટાળવા જોઈએ.

કોઈની ટીપ્પણી યોગ્ય ન લાગતા ક્યારેક ગુસ્સો આવે એ અત્યંત સ્વાભાવિક બાબત છે પરંતુ આવા તબક્કે આવેશમાં આવીને ટ્વીટર, વોટ્સએપ કે એફબી ઉપર અરૂચીકર ભાષામાં પ્રત્યુત્તર પાઠવી ઉશ્કેરાટ વ્યક્ત કરવામાં સાર નથી. આમ કરવાથી તમારા બીજા અનેક મિત્રો ઉપર તમારી અવળી છાપ અવશ્ય ઉભી થશે. આમ કરવામાં કોઈ સાર નથી. ભૂતકાળમાં ઉશ્કેરાટમાં આવીને કોઈ ટીપ્પણી કરી હોય તો એવી જુની પોસ્ટ એકવાર ફરીથી જોઈને ગુસ્સા પ્રેરીત અભદ્ર ભાષા તરત રદ કરવી જોઈએ. એક અગત્યનો મુદ્દો એ પણ છે કે, જ્યારે પણ કોઈ માહિતી સોશિયલ મિડીયાના પ્લેટફોર્મ ઉપર શેર કરવામાં આવે ત્યારે વિગતોની સચ્ચાઈ અને અચ્છાઈ બન્ને ચોકસાઈપૂર્વક ચકાસીને જ અપલોડ કરવી જોઈએ. ખોટી અને સંદીગ્ધ વિગતોથી આપની પોસ્ટ વાંચનારને નુકશાન પહોંચી શકે છે. ગેરમાર્ગે દોરાઈ શકે છે.

ઘણા મિત્રોને એવી આદત હોય છે કે, તેમના સગા સંબંધીઓના પ્રસંગની તસવીરો તથા યુવાકાળની મિત્રતાની તસવીરો સોશિયલ મિડીયા ઉપર મૂકતા હોય છે. આ બાબત ક્યારેક વર્તમાન સંબંધો ઉપર ગંભીર અસરો ઊભી કરી શકે છે. જન્મ તારીખ અને ફોન નંબર સોશિયલ મિડીયા પર ક્યારેક શેર ન કરવા જોઈએ. આનાથી સાઈબર હેકર્સને તમારી વિશે વિગતો પ્રાપ્ત કરવામાં અત્યંત આસાની થઈ જતી હોય છે.

સંબંધો અને અભિવ્યક્તિ જીવનને ખુશહાલ બનાવવાના બે ઉત્તમ પરિમાણો છે. સંબંધો વિકસાવવા અને વિસ્તારવા માટે સોશિયલ મિડીયા સૌથી મજબૂત માર્ગ છે. અભિવ્યક્તિ માટેનું સૌથી સરળ, હાથવગુ અને ઝડપી પ્લેટફોર્મ સોશિયલ મિડીયા છે. આ પ્લેટફોર્મનો સમજપૂર્વકનો ઉપયોગ ખુશહાલ બનાવે અને અણસમજમાં બેજવાબદારીપૂર્વકનો ઉપયોગ ખાનાખરાબી પણ સર્જી શકે છે.

માનવી ઘણી બધી બાબતોથી ઘડાય છે. એના ઘડતરમાં પ્રતિદિન પલટાતા પ્રવાહોના પાસા પડતા હોય છે. જે પરિવર્તનને સ્વીકારી શકતો નથી એ આગળ વધી શકતો નથી. ઈન્ટરનેટ, સોશિયલ મિડીયા, ડિજીટલ વર્લ્ડના પરિવર્તનને પામવું પડે. તેના વિવેકપૂર્ણ ઉપયોગ દ્વારા આગળ વધવું પડે. કેટલીક નાની નાની બાબતોની કાળજી લઈને વર્તમાનના પ્રવાહમાં મોજથી તરવું પડે. નુકશાન થશે એવા ડર કરતાં ચોકસાઈ-કુનેહ રાખી મસ્તીથી આગળ વધવું પડે.

દરેકના જીવનમાં કોમળ ભાવનાઓ હૃદયમાં ક્યાંક કોઈક ખૂણે ધરબાયેલી પડી હોય. આ ભાવનાઓના પ્રવાહને વહેવા માટેનો અવસર અને પથ જોઈએ. સોશિયલ મિડીયા અભિવ્યક્તિનું મજબૂત માધ્યમ છે. સંસારની ક્રાંતિનું દ્યોતક છે. આ તાકાતવર માધ્યમનો ફાયદો ઉઠાવવો જ જોઈએ. એટલી જ માત્ર સાવચેતી રાખવાની જરૂર છે, જાણકારીના અભાવે એના દુષ્પરિણામોનો ભોગ ન બની જવાય. માણસમાં સમજણ વધતી જાય એમ મેચ્યોરિટી આવે બસ આ જ ફિલોસોફીથી સોશિયલ મિડીયા દ્વારા અભિવ્યક્તિની પધ્ધતિ અને શૈલીમાં પરિપક્વતા આવે.

**ધબકાર**

એક વિશાળ મગજના અસંખ્ય જ્ઞાનતંતુઓજેમ એકબીજા સાથે જોડાયેલા છે એ પ્રમાણે આપણે બધા આજેઈન્ટરનેટ સાથેસંકળાયેલા છીએ.

- સ્ટિફન હોકિંગ

# ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજને ગુજરાત સરકારનો એ ગ્રેડ

ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના કેસીજી દ્વારા એકેડેમિક એન્ડ એડમિનિસ્ટ્રેટીવ ઓડિટ નેકના ધારાધોરણ પ્રમાણે હાથ ધરવામાં આવ્યું હતું. ઉત્તાર ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ બી એ પ્રજાપતિ, કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. તુષારભાઈ હાથી તથા ઉત્તાર ગુજરા યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. હેમીક્ષા રાવ દ્વારા પીઅર ટીમના સભ્ય તરીકે સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. ઑડિટના પરિણામ સ્વરૂપ કૉલેજને ૩.૨૫ જીસીપીએ સાથે એ ગ્રેડ આપવામાં આવ્યો હતો.

આ મહત્ત્વની સિદ્ધિ બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ એમ પટેલ દ્વારા સંસ્થાનાં આચાર્ય ડૉ. અમૃતાબેન પટેલ, ઉપાચાર્ય ડૉ. પ્રણવ જોષીપુરા, આઈક્યુએસી સંયોજક ડૉ. રૂપાબેન ચાવડા તથા સ્ટીયરીંગ કમિટી સંયોજક પ્રૉ. ફાલ્ગુનીબેન પટેલ અને કૉલેજના શૈક્ષણિક, વહીવટી સ્ટાફ, વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના ચાર વિદ્યાર્થી ગોસ્વામી આદિત્ય, જાડેજા રાજદીપસિંહ, ભટ્ટ શુભાંગી અને પટેલ ઋષિકેશની ટીમે ''રાષ્ટ્રીય વિજ્ઞાન દિન'' ની ઉજવણી અતંર્ગત સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર ખાતે યોજાયેલ ''ઈન્ટર કોલેજ ક્વીઝ સ્પર્ધા''માં ભાગ લઈને વિજેતા પદ પ્રાપ્ત કર્યુ હતું. કોલેજના આચાર્ય ડૉ. કે. જી. છાયા તથા સપ્તધારા સંયોજક ડૉ. રાજકુમારી પારવાણીએ વિદ્યાર્થીઓની ઉપલબ્ધિ બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી તથા સમગ્ર કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**